# પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજનાને લગતા પ્રશ્નો

1. આ કયા પ્રકાર ની યોજના છે?

આ યોજના એક વર્ષ માટે ના જીવન વીમા ની યોજના છે જે દર વર્ષે ફરી રિન્યૂ કરવી શકાય છે. આ યોજના કોઈ પણ કારણોસર થયેલા મૃત્યુ માટે વીમા કવચ પૂરૂં પાડે છે.

2. આ યોજના માં શું લાભ મળે છે અને આ માટે કેટલું પ્રીમિયમ ભરવું પડે છે?

ઉપભોક્તાનું કોઈ પણ કારણોસર મૃત્યુ થાય તો રૂ. 2 લાખ મળી શકશે. આ માટે દરેક ઉપભોક્તાએ રૂ. 330/- નું અંદાજીત પ્રીમિયમ ભરવાનું રહેશે.

3. આ પ્રીમિયમ કઈ રીતે ભરી શકાય?

આ પ્રીમિયમ ઉપભોક્તા ના બેન્ક ના બચત ખાતા માથી " ઓટો ડેબિટ" સુવિધા થી એક વખત માં કપાઈ જશે. ઉપભોક્તા આ માટે બેન્ક ને અરજી આપી દર વર્ષે જાતે પ્રીમિયમ ભરાઈ જાય એ સુવિધા નો પણ લાભ લઈશકે. તેમજ જ્યાં સુધી આ યોજના અમલ માં છે ત્યાં સુધી તે દર વર્ષે પોતાના ખાતામાંથી ઓટો ડેબિટ દ્વારા નિયત પ્રીમિયમની કપાત કરવામાં આવશે.

**4.** આ યોજના કોના દ્વારા જાહેર થઈ છે? આનુ નિયોજન કોણ કરશે?

આ યોજના જીવન વીમા નિગમ (એલ આઇ સી) તેમજ અન્ય વીમા કંપની દ્વારા સમાન નિયમો પર આપવામાં આવશે જેમાં વિવિધ બેન્ક પણ ભાગ લેશે. ભાગ લેનાર બેન્ક પણ આ બાબતે કોઈ પણ વીમા કંપની સાથે જોડાણ કરી આ યોજના નો લાભ તેના ઉપભોક્તા ને આપી શકશે.

**5.** આ યોજનાનો લાભ કોણ લઈ શકશે?

18 થી 50 વર્ષ સુધી ની ઉમર ના,ભાગ લેનારી બેન્ક ના તમામ બચત ખાતા ધારકો (વ્યક્તિગત & સંયુક્ત) આ યોજના નો લાભ લઈ શકશે. એક કરતાં વધારે બેન્ક ખાતા ધરાવનાર ઉપભોક્તા માત્ર એક બેન્ક ખાતા માં જ આ યોજના નો લાભ લઈ શકશે.

6. આ યોજના માં જોડાવાનો સમય કેટલો અને ક્યારથી હશે?

શરૂઆત ના ધોરણે આ યોજના નો સમયગાળો તા. 01 જૂન, 2015 થી 31 મે, 2016 રહેશે. જેમાં ઉપભોક્તા "ઓટો ડેબિટ" સુવિધા વડે 31 મે 2015 થી 30 સપ્ટેમ્બર 2015 સુધી માં ભરી શકશે.ત્યારબાદ જોડાનાર ઉપભોક્તાએ એક વર્ષ નું પ્રીમિયમ ની સાથે સારા સ્વાસ્થ્યનો સ્વપ્રમાણિત પત્ર આપવો પડશે.

તદ્ઉપરાંત જે ઉપભોક્તા દર વર્ષે "ઓટો ડેબિટ" સુવિધા નો લાભ લીધેલ હશે તેઓ એ 31 મે સુધી પોતાના ખાતામાં તેટલી રકમ જેટલી રકમ રાખવી જરૂરી છે. જો તેમાં મોડુ થશે તો પૂરું વાર્ષિક પ્રીમિયમ ઉપરાંત સારી તબિયત નું સ્વપ્રમાણપત્ર આપવું પડશે. જે ખાતામાં અપૂરતી રકમને કારણે પ્રીમિયમની કપાત શક્ય નહી થઇ હોયતો વીમા રક્ષણ નહી મળી શકે અને નવેસરથી કપાતનું સંમતિપત્ર ત્થા સારા સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર યોજનામાં જોડાઈ શકાશે.

7. શું શરૂઆતમાં આ યોજના નો લાભ ન લેનાર વ્યક્તિ ભવિષ્ય માં આનો લાભ લઈ શકશે?

હા,"ઓટો ડેબિટ" સુવિધા થી  પ્રીમિયમ ભરી ને તથા ઉપરાંત સારી તબિયત નું સ્વપ્રમાણપત્ર આપીને આ યોજના માં જોડાઈ શકશે. ભવિષ્યમાં પણ આ જ રીતે નવા પાત્ર પ્રવેશક્તા આ યોજના નો લાભ લઈ શકશે.

8. જે વ્યક્તિ આ યોજનામાં થી બહાર નીકળી જાય તે ફરી થી જોડાઈ શકે?

આ યોજના માં થી કોઈ પણ સમયે બહાર નીકળેલા વ્યક્તિ ભવિષ્ય ના વર્ષો માં વાર્ષિક પ્રીમિયમ તેમજ સારા સ્વાસ્થ્યનું સ્વપ્રમાણપત્ર જમા કરવી આ યોજના નો લાભ લઈ શકે છે.

9. આ યોજના માં "માસ્ટર પોલિસી હોલ્ડર" કોણ હશે?

ભાગ લેનારી બેન્ક આ યોજના માં માસ્ટર પોલિસી હોલ્ડર રહેશે. એક સામાન્ય અને ઉપભોક્તા ને અનુરૂપ વ્યવસ્થા અને ક્લેઇમ સેટલમેન્ટ પ્રોસેસ જીવન વીમા નિગમ/પસંદ કરાયેલ વીમા કંપની તેમજ ભાગ લેનાર બેન્ક દ્વારા નક્કી કરવામાં આવશે.

10. ઉપભોક્તા નો વીમો ક્યારે પૂર્ણ થયેલ ગણાશે?

ઉપભોક્તા નો વીમો નીચેની કોઈ એક ઘટના સમયે પૂર્ણ થયેલ ગણવામાં આવશે.

i. ઉપભોક્તા ની ઉમર 55 વર્ષની પહોંચે ત્યાં સુધી, જો વાર્ષિક રિન્યુયલ કરેલ હોવું જોઈએ.

(ઉપરાંત, 50 વર્ષ પછી આ યોજનામાં જોડાવું શક્ય નથી ).

ii. બેન્ક માં ખાતું બંધ કરવું અથવા વીમા નું પ્રીમિયમ ભરવા જેટલી ન્યૂનતમ રકમ ખાતા માં રાખવા અસમર્થ હોવું.

**iii.** જ્યારે એક કરતાં વધારે બેન્ક ખાતા દ્વારા ઉપભોક્તા પ્રીમિયમ ભરશે ત્યારે જીવન વીમા નિગમ/ અન્ય વીમા કંપની દ્વારા વીમો 2 લાખ નો રાખવામાં આવશે તેમજ અન્ય ખાતામાંથી કપાયેલ પ્રીમિયમ પરત મળી શકશે નહીં.

11. આમાં વીમા કંપની અને બેન્ક નો શો ભાગ રહેશે?

**i**આ યોજના ની દેખરેખ જીવન વીમા નિગમ અને અન્ય વીમા કંપની કરશે જેમાં ભાગ લેનાર બેન્ક/બેન્કો પોતાનો સહયોગ આપશે.

**ii.** આ યોજના માં ભાગ લેનાર બેન્કો ની જવાબદારી વાર્ષિક વીમા પ્રીમિયમ ઉપભોક્તા ના ખાતા માથી "ઓટો ડેબિટ" થી ઉધારી અને સલગ્ન વીમા કંપની માં ખાતા માં જમા કરવાની રહેશે.

**iii.** જોડાણ નું ફોર્મ/ ઓટો ડેબિટ ની સતા/ મંજૂરી તેમજ જાહેરાત નું નિયોજીત પત્રક, લઈ અને સાચવણી કરવાની જવાબદારી બેન્ક ની રહેશે. ક્લેઇમ કરતી સમયે જીવન વીમા નિગમ/અન્ય વીમા કંપની આ માહિતી માંગી શકે છે. તદ્દુપરાંત કોઈ પણ સમયે જીવન વીમા નિગમ/અન્ય વીમા કંપની ને આ માહિતી માંગવાનો હક ધરાવે છે.

12. આ પ્રીમિયમ ની વહેચણી કઈ રીતે કરવામાં આવશે?

1. જીવન વીમા નિગમ/ અન્ય વીમા કંપની ને વીમા પ્રીમિયમ : રૂ. 289/- વાર્ષિક વ્યક્તિ દીઠ.
2. બીસી/માઇક્રો/કોર્પોરેટ/એજન્ટ : રૂ. ૩૦/- વાર્ષિક વ્યક્તિ દીઠ.

૩.ભાગ લેનાર બેન્ક ને વહીવટી ખર્ચ માટે ની રકમ: રૂ. ૧૧/- વાર્ષિક વ્યક્તિ દીઠ

**13.** અન્ય યોજના માં જોડાયેલ ઉપભોક્તા આ યોજના નો લાભ લઈ શકે છે?

હા.

**14.** શું સંયુક્ત બેંકના તમામ ખાતાધારકો એક એકાઉન્ટ મારફતે આ યોજનામાં જોડાઈ શકે છે ?

સંયુક્ત બેંક એકાઉન્ટના કિસ્સામાં,સંયુક્ત એકાઉન્ટના તમામ ધારક, જો યોજનામાં જણાવેલ યોગ્યતા ધરાવતા હોય અને વ્યક્તિગત વાર્ષિક વીમા પ્રીમિયમ રૂ.330/- ચૂકવીને આ વીમા યોજનામાં જોડાઈ શકે છે.

15. શું NRIsઆ યોજનામાં જોડાઇ શકે છે ?

ભારતની કોઈપણ બેંકની શાખામાં પાત્ર ખાતું ધરાવતા અને યોજનાની તમામ નિયમો તથા શરતો પરિપૂર્ણ કરતાં કોઈપણ એનઆરઆઇ (NRI) આ યોજનાનો લાભ લઈ શકે છે. જો કે દાવો ઊભો થયાના કિસ્સામાં, દાવાની રકમ લાભાર્થી/ નૉમિની ને ભારતીય ચલણમાં જ ચૂકવવામાં આવશે.

16. કયાં બેંક એકાઉન્ટો આ યોજનાનો લાભ મેળવી શકે છે ?

સંસ્થાકીય એકાઉન્ટ ધારકો સિવાય તમામ બેંક ખાતા ધારકો આ યોજનાનો લાભ લઈ શકે છે.

17. શું કુદરતી આફતો જેવીકે, ભૂકંમ, પૂર અને અન્ય કુદરતી હોનારતના કારણે થયેલ મૃત્યુ/વિકલાંગતા આ યોજનામાં આરક્ષિત છે ?અને આત્મહત્યાતેમજ હત્યાનાકિસ્સામાં કવરેજવિશે શું?

આ તમામ ઘટનાઓ આ યોજનામાં આવરી લેવામાં આવેલ છે જેથી કોઈપણ કારણોસર થયેલ મૃત્યુ પીએમજેજેબીવાયમાં આરક્ષિત કરેલ છે.

18. શું પીએમજેજેબીવાયની પોલિસી,વિદેશીવીમા કંપનીઓનેસાથે રાખીને અમલીકરણ કરવામાં આવેલ છે ?

ભારતમાં કોઈ વિદેશી વીમા કંપની સીધી રીતે કાર્યરત નથી. વીમા અધિનિયમ અને IRDA નિયમન/કાનૂનદ્વારા મળેલ પરવાનગી મુજબ અમુક વિદેશી કંપનીઓ ભારતીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસ રચી કાર્યરત છે, જેમાં વિદેશી કંપનીઓનો હિસ્સો 49%સુધી સીમિત કરેલ છે.

19. બીજી જીવન વીમા યોજનાથી અલગ,પીએમજેજેબીવાયયોજનાનો લાભ ફક્ત જીવન વીમો ધરાવનાર વ્યક્તિનાં મૃત્યુ પર નૉમિનીને આપવામાં આવે છે.શા માટે સામાન્ય જીવન વીમા યોજનાની જેમ આ યોજનામાં પરિપક્વતા અથવા સોંપણી-મૂલ્યનો લાભઉપલબ્ધ નથી ?

પીએમજેજેબીવાયયોજના અંતર્ગત ફક્ત મૃત્યુનો જ સમાવેશ કરેલ છે અને તેથી લાભ ફક્ત નૉમિનીને મળવા પાત્ર છે. PMJJBYએક શુદ્ધ ટર્મ વીમા પોલિસી છે, જે ફક્ત મૃત્યુ કવચ માટે છે, અને જેમાં રોકાણ ઘટકનો સમાવેશ થતો નથી. તે મુજબ વીમાનું પ્રીમિયમ પણ બીજી જીવન વીમા પોલિસી (કે જેમાં પરિપક્વતા,સોંપણી-મૂલ્ય, અન્યલાભ ઉપલબ્ધ છે) ની સરખામણી ઓછું છે. આ યોજના એવી રીતે

બનાવવામાં આવી છે, કે જેથી સમાજનાં નબળા વર્ગો ને જીવન વીમાનો લાભ આપી શકાય. આ હેતુ સાથે, રોકાણનાં ઘટકને દૂર કરી પ્રીમિયમનો દર ઓછો રાખવામાં આવેલ છે.

20. પીએમજેજેબીવાયયોજના કે જેનો બહોળો પ્રચાર કરવામાં આવી રહ્યો છે અને ખૂબ મોટા પ્રમાણમાં વેચવામાં આવી રહી છે, તેમાં શું વિદેશી વીમા કંપનીઓ કે જેઓએ ભારતીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસ અંતર્ગત વીમા કંપની બનાવી આ જીવન વીમા યોજના ચલાવી ખૂબ મોટા પ્રમાણમાં નફો કરી રહી છે ?

વીમા અધિનિયમમાંવ્યાખ્યાયિતથયા મુજબએકમાત્ર ભારતીય વીમા કંપનીઓ જ ભારતમાં કામગીરી કરી શકે છે. ભારતમાં કાર્યરત વીમા કંપનીઓ સહિત તેવી કંપનીઓ, જેમાં વિદેશી ભાગીદારોનો હિસ્સો 49% સુધી સીમિત છે, તેમના દ્વારા પોલિસી ધારકોનાં ભંડોળનું કાયદા પ્રમાણે ભારતમાં જ રોકાણ કરવામાં આવે છે અને વિદેશમાંરોકાણ કરીશકતા નથી.**PMJJBY** યોજનામાં વસૂલ કરવામાં આવતું પ્રિમિયમ બધાં જ જોખમોને ધ્યાન માં લઈ હાલના મૃત્યુ દર અને પ્રતિકૂળ પસંદગી ને ધ્યાને રાખી આંકળાકીય ગણતરીનાં આધારે કરવામાં આવેલ છે, આથી આ યોજનામાં ખૂબ મોટા પ્રમાણમાં નફો મળવાને કોઈ અવકાશ નથી.

21. સરકારી માલિકીની ભારતીય જીવન વીમા નિગમ (**LIC**), સરકારે આરંભ કરેલ **PMJJBY**યોજનાનું સંચાલન કરી શકવામાં સક્ષમ હોવા છતાં, વિદેશી વીમા કંપનીઓનેશા માટેઆયોજનામાંજોડવામાં આવેલ છે ?

ભારતમાં ૨૪ જીવન વીમા કંપનીઓ કાર્યરત છે, કે જેઓને ભારતમાં જીવન વીમાનો વ્યવસાયકરવા માટે IRDAમારફતેલાઇસન્સ આપેલ છે. હરીફાઈને પ્રોત્સાહન આપવા અને વધુ સારો ભાવ તેમજસારી ગ્રાહક સેવા મળી રહે તે માટે, આવી તમામ કંપનીઓને ભાગ લેવા પરવાનગી આપેલ છે. વધુમાં, આ તમામ ભારતીય વીમા કંપનીઓ છે અને જો કોઈ વિદેશી ભાગીદાર હોય તો,આ કંપનીઓમાં તેઓનો હિસ્સો 49% ની નીયત મર્યાદામાં છે. તેમ છતાં,આ યોજનાની કામગીરીમાં ભારતીય જીવન વીમા નિગમ (**LIC**) હજી પણ પ્રાથમિક વીમા કર્તા છે.

22. શું દાવાના બિન–સમાધાનના કિસ્સામાં,વિદેશી વીમાકર્તાની વિરુદ્ધ ભારતમાં કાયદાકીય કાર્યવાહી કરવી શકય છે ?

ભારતમાં સીધી રીતે કાર્યરત હોય એવી કોઈપણ વિદેશી વીમા કંપની નથી. વીમા અધિનિયમ અને IRDA નિયમન/કાનૂનદ્વારા મળેલ પરવાનગી મુજબ અમુક વિદેશી કંપનીઓ ભારતીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસ રચી કાર્યરત છે, જેમાં વિદેશી કંપનીઓનો હિસ્સો 49%સુધી સીમિત કરેલ છે અને વ્યાખ્યા પ્રમાણે, આ ભારતીય વીમા કંપનીઓ છે. આ તમામ કંપનીઓ ભારતીય કાયદાઓને આધીન છે, અને તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં કોઈ પ્રતિબંધ નથી.

**23.** શું વીમા કંપનીઓ ભવિષ્યમાં આ યોજના બંધ અથવા પ્રીમિયમ દરમાંવધારો કરી શકે છે ?

વીમો પણ કોઈ અન્ય ઉત્પાદન જેમજ છે. વીમાનો પ્રીમિયમ દર ભવિષ્યમાં વધી શકે છે, ભારતમાં કાર્યરત ૨૪ જીવન વીમા કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા હોવાને લીધે, વીમાનો પ્રીમિયમ દર સ્થિર રહેવાની શક્યતા છે. આ યોજનાનાં વીમા કવચ અને કિંમત નિર્ધારણ ને જોતાં, આ યોજના સદ્ધર રહેશે એવું અપેક્ષિત છે અને યોજના બંધ થવાની શક્યતા ખૂબ જ ઓછી છે. કોઈ પણ ઘટનામાં, જો કોઈ કંપની યોજનામાં ભાગ લેવાનું બંધ કરે તો પણ, બેંક પાસે અન્ય કંપની સાથે જોડાવવાના અનેક વિકલ્પો છે.

**********